॥ સ્વામિશ્રીજી ॥

સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

પ્રભુ પરમ... પ્રગટ પુરુષોત્તમ
અક્ષર સ્વરૂપે પ્રત્યક્ષ નયનગોચર
મળે છે... ઓળખાય કેવળ કૃપાથી
માહાત્મ્ય છલકાય... સમર્પણ થાય
ભક્તો-સંબંધી સર્વનું માહાત્મ્ય સમજાય
'સ્વ' ઓગળતું જાય... નિર્દોષ થવાય
સંબંધી સર્વ મોટા મનાય... દાસ બનાય
પ્રભુ રાજી થાય... પ્રત્યક્ષ પ્રસન્ન થાય
આતમે પ્રભુનો અખંડ નિવાસ અનુભવાય
સેવા-ભક્તિ નિર્દંભપણે થતી રહે
સર્વત્ર સર્વમાં પ્રભુનાં દર્શન થઈ રહે
સહજાનંદ પ્રાપ્ત થાય ને સુખી થવાય
જગત - પંચવિષય જિતાઈ જાય
કેવળ પ્રભુ સંબંધે અહોહો ! થયા કરે.
સંતત્વ મહેંકી રહે... પ્રભુ વિલસી રહે.

આપણે આવી પરમ પ્રાપ્તિ માટે ઝંખીએ
પળનો વિલંબ કર્યા વિના પ્રત્યક્ષને પ્રણમતા રહીએ
મન-બુદ્ધિ-ચિત્તનાં સમર્પણ ધરતા રહીએ
દૃષ્ટિ દિવ્ય થતાં સર્વત્ર તેઓને અનુભવતા રહીએ
કર્તા તે માનતા રહીએ ને વંદના કર્યા કરીએ
સમગ્ર સમર્પિત થઈ જ જશે... શૂન્યભાવ થશે.

પ્રભુ મલપતા રહી આવકારશે
ગળે લગાવી, પોતામાં ઓગાળશે
આસપાસનાં સૌ ઓગળી ગયાં... દીસશે.
સૌ આ મારાં જે મારા પ્રભુનાં-સાહેબજીનાં
તેને વિનમ્રભાવે વંદન થતાં રહેશે
સૌ મોટાં... માથાનાં મુગટ... કૈવલ્યમૂર્તિ
તે દર્શન કરી ધન્ય ધન્ય થઈ જવાશે.

શ્રીજી આ બ્રહ્માંડે પ્રગટ થયા...
તે દિવ્ય કાર્ય... એકાંતિક ધર્મ સ્થાપનનું કાર્ય કરવા
ગુણાતીત સ્વરૂપે પ્રગટ રહ્યા...
સર્વ સંબંધિત આત્મામાં પ્રભુ પધરાવવા
'સાહેબજી' આજે પ્રગટ પ્રત્યક્ષ...
આપણને પ્રભુ આપવા ને સુખી કરવા
આપણે સૌ હવે... ચાલો 'સાહેબ' પ્રગટાવીએ
શ્રીજી-સ્વામી સ્વરૂપ 'સાહેબ' અંતરે પ્રગટાવીએ.



સાધુ રાજલદાસના જય સ્વામિનારાયણ.

સાહેબ-શ્રીજી પ્રાગટ્ય... ૨૯ માર્ચ-૨૧ એપ્રિલ... અનુસંધાને લખ્યું